**ધી અર્બન હેલ્થ સોસાયટી, વડોદરા**
**એન.એચ.એમ પ્રોગ્રામ**
**વડોદરા મહાનગરપાલિકા**
**www.vmc.gov.in**

**ભરતી અંગેની જાહેરાત**

વડોદરા મહાનગરપાલિકામાં રાષ્ટ્રીય આરોગ્ય મીશન અંતર્ગત શહેરી આરોગ્ય કેન્દ્રો ખાતે ૧૧ માસનાં કરાર આધારીત તદન હંગામી ધોરણે નીચે જણાવેલ જગ્યાઓ ભરતી કરવા માટે ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે **www.vmc.gov.in** વેબસાઇટ પર તા.- 30/0૧/૨0૧૯ (00.0૧ કલાક) થી તા. ૧૪/0૨/૨0૧૯ (૨૩.૫૯ કલાક) સુધીમાં ઓનલાઇન અરજીઓ કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | GEN | અનામત જગ્યાઓ | | |
|---|---|---|---|---|---|---|
| | | | | SC | ST | SEBC |
| ૧ | લેબોરેટરી ટેક્નીશીયન | ૦૬ | ૦૨ | - | ૦૧ | ૦૩ |
| ૨ | સ્ટાફ નર્શ/બ્રધર્સ | ૧૦ | ૦૯ | - | ૦૧ | - |
| ૩ | પટાવાળા | ૦૫ | ૦૧ | - | ૦૨ | ૦૨ |

(૧) કોઇપણ સંજોગોમાં ટપાલ કે રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહી. ફક્ત ઓનલાઇન જ અરજી કરવાની રહેશે. (૨) આ જગ્યાઓની શૈક્ષણિક લાયકાત, પગાર ધોરણ તેમજ અન્ય માહિતિ વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ **www.vmc.gov.in** પરથી મેળવી શકાશે.

**નોંધ:- ઉપરોક્ત જગા ઉપરાંત ભવિષ્યમાં ખાલી પડનાર કે નવી મંજુર જગા ભરવા માટે ઉપર મુજબની કેડર ઉપરાંત બીજી અન્ય કેડર માટે પણ ૨ વર્ષ સુધીની પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.**

ચેરમેન
એક્ઝક્યુટીવ કમીટી
અને ડે.મ્યુનિસિપલ કમિશનર(આ)
વડોદરા મહાનગરપાલિકા

પી.આર.ઓ. નં ૮૬૭/૧૮-૧૯

**ધી અર્બન હેલ્થ સોસાયટી, વડોદરા**
**એન.એચ.એમ પ્રોગ્રામ**
**વડોદરા મહાનગરપાલિકા**

## સીધી ભરતી માટેની જાહેરાત
## (જાહેરાત ક્રમાંકઃ ૮૬૭/૨૦૧૮-૧૯)

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | કેટેગરી |
|---|---|---|---|
| ૧ | લેબોરેટરી ટેક્નીશીયન | ૦૬ | સામાન્ય – ૦૨, અ.જ.જા. -૦૧ સા.શૈ.પ.વ. – ૦૩ |
| ૨ | સ્ટાફ નર્શ/બ્રધર્સ | ૧૦ | સામન્ય -૦૯, અ.જ.જા. -૦૧ |
| ૩ | પટાવાળા | ૦૫ | સામન્ય -૦૧, અ.જ.જા. -૦૨, શા.શૈ.પ.વ. – ૦૨ |

1. **શૈક્ષણિક લાયકાત અને અનુભવ**
   1. લેબોરેટરી ટેક્નીશીયન :- ૧. બી.એસ.સી.(મુખ્ય વિષય કેમેસ્ટ્રી અથવા માઇક્રો બાયોલોજી વિષય સાથે) અથવા એમ.એસ.સી. (ઓરગેનીક, કેમેસ્ટ્રી અથવા માઇક્રોબાયોલોજીના વિષય સાથે) ડીગ્રી મેળવેલ હોવી જોઇએ. ૨ માન્ય સંસ્થા અથવા ગુજરાત રાજ્યની મેડીકલ કોલેજ દ્વારા કંડક્ટ થયેલ લેબોરેટરી ટેક્નીશીયન તાલીમ કોર્ષનું સર્ટીફીકેટ મેળવેલ હોવું જોઇએ. લેબોરેટરીમાં કાર્યનો અનુભવ ધરાવનારને પ્રાધાન્ય આપવામાં આવશે.
   2. સ્ટાફ નર્શ/બ્રધર્સ :- ઇન્ડિયન નર્સિંગ કાઉન્સીલ દ્વારા માન્ય સંસ્થામાંથી BSC(Nursing) નો કોર્સ કરેલ હોવો જોઇએ. અથવા ઉમેદવારે ઇન્ડિયન નર્સિંગ કાઉન્સીલ દ્વારા માન્ય સંસ્થામાંથી જનરલ નર્સિંગ ડિપ્લોમા અને મિડવાઇફરી સાથે પાસ કરેલ હોવો જોઇએ. ગુજરાત નર્સિંગ કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન કરેલ હોવુ જરૂરી છે. બેઝીક કોમ્પ્યુટર નો સર્ટિફિકેટ કોર્સ કરેલ હોવો જરૂરી છે.
   3. પટાવાળા :- ઓછામાં ઓછુ ૪ ધોરણ પાસ, અંગ્રેજી જાણકારને પ્રાધાન્ય
2. **પગાર ધોરણઃ**
   1. લેબોરેટરી ટેક્નીશીયન :- રૂ.૧૩,૦૦૦/- માસિક ફિક્સ પગાર
   2. સ્ટાફ નર્શ/બ્રધર્સ :- રૂ.૧૩,૦૦૦/- માસિક ફિક્સ પગાર
   3. પટાવાળા :- રૂ.૫૦૯૩/- માસિક ફિક્સ પગાર

2. **ઉંમરઃ**

૫૮ વર્ષ થી વધુ તેમજ નિર્વુત ઉમેદવાર અરજી કરી શકશે નહીં .

3. **કરારનો સમયગાળો:**

૧૧ માસના કરાર આધારીત

## જાહેરાતની સામાન્ય જોગવાઇઓઃ

1. ઉપર જણાવેલ જગ્યા માટે ઉમેદવારી કરતાં પહેલાં ઉમેદવારે પોતે જરૂરી પાત્રતા ધરાવે છે કે નહીં તેની ખાત્રી કરવી.
2. રસ ધરાવતા ઉમેદવારોએ તા. - ૩૦/૦૧/૨૦૧૯ (૦૦.૦૧ કલાક) થી તા. ૧૪/૦૨/૨૦૧૯ (૨૩-૫૯ કલાક) દરમ્યાન www.vmc.gov.in વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઓનલાઇન અરજી કરતાં પહેલા ભરતીને લગતી માહિતી તેમજ સુચનાઓ www.vmc.gov.in ઉપરથી વાંચી લેવાની રહેશે.
3. **શૈક્ષણિક માહીતી:** શૈક્ષણિક માહીતી જો સામેલ Education Qualification Details માં ન હોય તો OTHER1 અને કોમ્પ્યુટર કોર્ષ ની માહીતી OTHER2 માં ભરવી.
4. **અનામતઃ** ગુજરાત સરકારશ્રી દ્વારા માન્ય કરેલ હોય તેવા અનુ.જાતિ , અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે આ અંગે ગુજરાત રાજયના સક્ષમ અધિકારીશ્રી દ્વારા ઇશ્યુ કરાયેલ જાતિ અંગેનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
5. **વયમર્યાદાઃ** અરજી સ્વીકારવાની તારીખને ધ્યાને લઇને ઉંમર ગણવામાં આવશે.
6. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૯-૦૨-૧૯૯૬ ના ઠરાવ થી નિયત થયેલ પરિશિષ્ટ-ક ના નમુનામાં નાણાકીય વર્ષ-૨૦૧૬-૨૦૧૭ નું તા.૦૧-૦૪-૨૦૧૬ પછીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
7. ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબ ક્કે રદ ગણવામાં આવશે.
8. ઉમેદવારે અરજીમાં દર્શાવેલ કેટેગરીમાં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.
9. ઉમેદવારે સરકાર માન્ય સંસ્થામાંથી જગ્યાને અનુરૂપ CCC+/CCC લેવલનો કોમ્પ્યુટર કોર્ષ અવશ્ય પાસ કરેલ હોવો જોઇએ.
10. ભરતી પ્રક્રિયા દરમ્યાન જો કોઇ ઉમેદવાર દ્વારા સીધી અથવા આડકતરી રીતે રાજકીય કે અન્ય કોઇ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.
11. ઉમેદવારે અરજી પત્રકમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/નિમણુંક કોઇ પણ તબકકે રદ કરવામાં આવશે.
12. આ જાહેરાત અન્વયેની ભરતી અંગે લેખિત પરિક્ષા/મૌખિક ઇન્ટરવ્યુ બાબતે વડોદરા મહાનગર પાલિકા ના સક્ષમ અધિકારીશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવશે.
13. પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/ મૌખિક કસોટી માટે બોલાવવામાં આવતા ઉમેદવારોને કોઇપણ જાતનું મુસાફરી ભથ્થુ મળવાને પાત્ર થશે નહીં.
14. આ જાહેરાત કોઇ પણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હક/અધિકાર મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા ને રહેશે.
15. ઉમેદવારને ઓનલાઇન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઇ સુચના માટે www.vmc.gov.in વેબસાઇટ સતત જોતા રહેવા અનુરોધ છે.

તા. ૨૯/૦૧/૨૦૧૯

| | |
|---|---|
| **મેમ્બર સેક્રેટરી** | **ચેરમેન** |
| એક્ઝિક્યુટીવ કમિટિ, અર્બન હેલ્થ સોસાયટી, | એક્ઝિક્યુટીવ કમિટિ, અર્બન હેલ્થ સોસાયટી, |
| અને આરોગ્ય અમલદાર | અને ડે.મ્યુનિસિપલ કમિશ્નર(આ) |
| વડોદરા મહાનગરપાલિકા | વડોદરા મહાનગરપાલિકા |